# ભિલોડામાં પ્રજાજનોના આરોગ્ય સાથે થતાં ચેડા

ભિલોડા,તા.૧૧

ભિલોડા પંથકમાં સરેઆમ જાહેરમાં અખાદ્ય તેલ, ઘી સહિત ભળતા નામથી જથ્થાબંધ માલસામાન વેચાઈ રહ્યો છે જેમાં હલકી ગુણવત્તા ધરાવતું કરીયાણું, બીડી, સીગારેટ, પાન મસાલા પણ મુખ્યત્વે છે. ભળતા નામે ઠેક-ઠેકાણે માલના જથ્થાઓ કેટલાક કિમીયાગરો દુર-દુરથી લાવે છે તેમજ કયાંય કયાંયથી તેલનો ભેળસેળવાળો જથ્થો મોટા પ્રમાણમાં આવે છે અને લોકલ ફેરી કરીને ઉંડાણના ગામડે ગામડે વેચવામાં આવે છે. સાથે સાથે ભિલોડાના મેન બજારોમાં પણ અમુક કિમીયાગરો આવો જથ્થો દુકાનોમાં પણ વેચે છે. જીલ્લાના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની નિષ્ક્રીયતાના કારણે આ બધુ ચાલતુ હોવાનું મનાય છે તેમજ વજન કાંટા બોગસ રાખી લોકોને વજનમાં પણ ૧૦ ગ્રામ, ૨૦ ગ્રામ ઓછો માલ પણ મળે છે. શાકભાજી વેચતા મઉં રોડ તરફના લારી વાળાઓ પાસે મોટા ભાગના તોલ માપ ખોટા હોઈ મોંઘીદાટ શાકભાજીના વજનમાં મોટી છેતરામણી કરી ગ્રાહકોને છેતરતા હોવાનું પણ જાણવા મળેલ છે. તે પછી હાલમાં વાયરલ ઈન્ફેકશનનો વાવડ ચાલે છે ત્યારે ડિગ્રી વગરના બની બેઠેલા ડાંકટરો ધ્વારા ભિલોડા તેમજ ગ્રામ્યવિસ્તારોમાં નીચે પથારી કરાવી બાટલા ચડાવી અસંખ્ય જાતની એન્ટીબાયોટીક દવાઓનો ઉપયોગ કરી ગામડાની અભણ પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેંડા કરી રહ્યા છે અને રોજે-રોજ મોટી રકમની પ્રેકટીસ કરતા હોવાનું પણ જાણવા મળેલ છે તે સિવાય કેટલીય અખાદ્ય વસ્તુઓ એક્સપાઈડ ડેટની ઠેર-ઠેર વેચાય છે તેમજ કોઈ ચીજનું પાકુ બીલ આપવામાં આવતું નથી.બનાવટી ઘી અને ભેળસેળીયા તેલ પણ વેચાઈ રહ્યા છે. ભેળસેળીયા વેપારીઓ રાતોરાત તવંગર બની ચુક્યા છે. ભિલોડાના આ પછાત વિસ્તારની પ્રજા સરેઆમ લુંટાઈને રોગોનો ભોગ બની રહી છે ત્યારે આ બાબતે લાગતા વળગતા જવાબદાર તંત્રના અધિકારીઓ ધ્વારા આ પંથકમાં બનાવટી ચીજવસ્તુઓ, અખાદ્ય ચીવસ્તુઓની તપાસ કરી ઝડપથી આવા ભેળસેળીયાઓને પકડી તેમની વિરૂધ્ધ ઝડપથી કાર્યવાહી કરે તેવું પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.



કુદરતીનો નજારો:-સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં વરસાદના બીજા રાઉન્ડમાં સતત પાંચ દિવસ સુધી અવિરત ધીમી ધારે મેઘરાજાએ પધરામણી કરી હતી ત્યારે ક્યાંક ગંભીર સમસ્યાઓ ઉભી થઈ ગઈ છે તો ક્યાંક કહેર-ક્યાંક ખુશીનો માહોલ સર્જાયો છે. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ શેર ગામ સુનસર પાસે ધરતી માતાના મંદીર નજીક ડુંગરોમાંથી કુદરતી રીતે ખલ-ખલ શુધ્ધ ચોખ્ખા પાણીના ઝરણા વહેતા થઈ ગયા છે. દુર-દુરથી પ્રકૃતિ પ્રેમીઓ સુનસર પાસેનો વહેતા ઝરણાનો ધોધ નિહાળી પ્રજાજનો આનંદની લાગણી અનુભવી રહ્યા છે.અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં ઠેર-ઠેર લીલી ચાદર પથરાઈ હોય તેવી રીતે ડુંગરોની સુંદરતા સોળે કળાએ ખીલી ઉઠી છે. સુનસર પાસે કુદરતી રીતે વહેતા ઝરણાનો લ્હાવો લેવા પ્રવાસીઓ દુર-દુરથી આવી રહ્યા છે. લોકમુખે ચર્ચાય છે કે ધાર્યું ધણીનું થાય તેમ ક્યાંક ને ક્યાંક કુદરત હોવાનો અહેસાસ પ્રજાજનોને થતો જ હોય છે.

# તલોદ કોલેજમાં સભ્યપદના વિવાદમાં સભ્યોનો કોર્ટ વિજય

તલોદ, તા. ૧૧

તલોદ કોલેજનું સંચાલક મંડળ સી.ડી. પટેલ મહાવિદ્યાલય ચૂંટણીની બાબતથી સતત વિવાદોથી ઘેરાયેલુ બન્યું છે. તાજેતરમાં ચૂંટણી પણ ચેરીટી કમિશનરના હૂકમ મુજબ કરવામાં આવી હતી. વિદ્યાના મંદિરમાં પણ સર્વ સહમતિ ન બનીને ચૂંટણી કરવાની નોબત આવતા સમાજમાં અભ્યાસ અંગેની ચિંતાઓ વધી ગઈ છે. ત્યાર બાદ પણ વિવાદ સતત પ્રજવલિત રહે તેવી ઘટના પણ બની જેમાં કોલેજમાં નોકરી કરતા કર્મચારીઓના સભ્યપદ સ્થગીત કરવા કોલેજના વહીવટદાર અને ચૂંટણી અધિકારીને એક સભ્યએ વાંધા સાથે લેખિત રજુઆત કરી હતી. જેમાં ચૂંટણી અધિકારીએ સભઅયપદ સ્થગીત કરી નાખ્યા હતા. જે સામે સ્થગીત થયેલા સભ્યોએ કોર્ટનું શરણુ લેતા સભ્યપદ બરકરાર રાખવાનો હૂકમ થયો છે. આમ બિન જરૂરી સમય અને નાણાંનો વ્યય સ્પષ્ટ રીતે તલોદ કોલેજનું સંચાલન હસ્તગત કરવામાં લોકોને દેખાયો છે.

તલોદ કોલેજ એ જિલ્લાની પ્રથમ કોલેજ તરીકે અસ્તિત્વ પામી હતી અને રાજ્યભરના વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ અર્થે આવે છે. કોલેજનું સંચાલન સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળ નામનું ટ્રસ્ટ કરે છે. દાતાઓના દાન થકી અભ્યાસ માટેનું શ્રેષ્ઠ વિદ્યામંદિર ગણાતી આ કોલેજ ચૂંટણી નામના લાંછન થકી રાજ્યમાં વગોવાઈ છે. ત્યારે હજુ પણ સંભ્યપદ બાબતના વિવાદને કોર્ટ સુધી લઈ જવાયો છે.

મળેલ વિગત મુજબ કોલેજમાં નોકરી કરતાં સમીરભાઈ ઈપરીયા, ખોડાભાઈ દેસાઈ, રંગુસિંહ સોલંકી સહિત આઠ જણાના સભ્યપદ સામે કનુભાઈ પટેલે વાંધા સહિતની અરજી ચૂંટણી અધિકારીને કરી હતી. જેમાં આ સભ્યોના પદ સ્થગિત કરી દેવાયા હતા. જેને આ સભ્યોએ ચેરીટી કમિશનરની કોર્ટમાં પડકાર્યું હતું. જેમાં કોર્ટે તમામ બાબતોને ધ્યાને લઈ સભ્યપદ બરકરાર રાખવાનો હુકમ કરેલ છે અને કચેરી કામગીરી ખર્ચ પેટે અધિનિયમની જોગવાઈ આધિન ખર્ચ રકમ રૂ. ૫૦૦ પુરા સામાવાળા તથા ત્રાહિત પક્ષકારને પોતાની અંગત મિલકતમાંથી ચુકવવા હૂકમ કર્યો છે. આમ તલોદ કોલેજમાં સંચાલન માટેની ચૂંટણી સહિત હજુ પણ વિવાદ સમવાનું નામ ન લેતા અભ્યાસુ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાના વાદળ ઘેરાયેલા જ રહ્યા છે.



## સાદોલિયા ચેકડેમ છલકાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સાદોલીયા પાસે પસાર થતી સાબરમતી નદીમાં ઉપરવાસમાં ભારે વરસાદ પડવાથી નદીમાં નવા નીર આવ્યા છે. ત્યારે આઠ ઓગષ્ટ સુધી આ સાદોલીયા ચેકડેમ ખાલીખમ હતો પરંતુ મેઘરાજાની મહેર થતાં સાદોલીયા ચેકડેમમાં નવા નીર આવતાં ડેમ તરફ નજર કરતાં ડેમ દરિયા જેવો દષ્ટિગોચર થાય છે. અને પાણીનો સંગ્રહ થતાં આજુબાજુ આવેલ ગામોમાં તથા ખેડૂતોના બોર કુવા રીચાર્જ થશે.

# હિમતનગરમાં બે તબીબ અને મેડીકલ સ્ટોરમાં આઈટીનું સર્ચ

ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયથી અનેક કરદાતાઓને તેમની આવક જાહેર કરવા માટે કરાયેલી અપીલની સમયમર્યાદા પૂર્ણ થાય બાદ ઈન્કમટેક્ષ વિભાગે કેટલાક તબીબો, મેડીકલ સ્ટોર તથા અન્ય વ્યવસાયકારોના ધંધાના સ્થળે તપાસ આદરી છે ત્યારે ગુરૂવારે હિંમતનગરમાં આવેલ બે તબીબ અને એક મેડીકલ સ્ટોરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરના પ્રેકટીસ કરતા અનેક તબીબો દ્વારા વર્ષ આખરે પોતાની આવક જાહેર કરી નિયમ મુજબ ઈન્કમટેક્ષ વિભાગમાં ટેક્ષ ભરવાનો હોય છે. પરંતુ કેટલાક ચાલક તબીબો અને અન્ય વ્યવસાયકારો કાયદાની છટક બારીને ધ્યાનમાં રાખી કર ચોરી કરવામાં માહેર છે ત્યારે હિંમતનગરના મુખ્ય બસ સ્ટેન્ડ રોડ પર આવેલ આકાશ ગંગા કોમ્પલેક્ષમાં પ્રેકટીસ કરતા ફીઝીશીયન ડોકટર એમ.એમ.સુરતી (સંજીવની હોસ્પિટલ), ગાયનેક ડોકટર જગદીશભાઈ નાયક (પ્રગતિ સર્જીકલ હોસ્પિટલ) તથા જયોતિ મેડીકલ સ્ટોરના માલિક બિપીનભાઈ ઓઝાના ધંધાના સ્થળે હિંમતનગર-ગાંધીનગર ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓએ કાફલા સાથે આવી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું.



## પ્રાંતિજમાં મહિલા સશક્તિકરણ પખવાડિયું ઉજવાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયાના ભાગરૂપે ભોઈવાસ આંગણવાડીમાં આંગણવાડી બહેનો દ્વારા રસોઈ શો યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ પ્રકારની વાનગીઓ બનાવવામાં આવી હતી.

# પ્રાંતિજ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સઘન તપાસ

## ચાર ગુલ્લીબાજ શિક્ષકો ઝડપાયા, સ્થળ ઉપર જ નોટીસ પાઠવવામાં આવી

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ શાળાઓમાં જિલ્લા શિક્ષણ પ્રાથમિક અધિકારી આર.એ. ઉપાધ્યાય દ્વારા તાલુકાઓની કેટલીક શાળાઓમાં ઓચિંતી મુલાકાત લેતાં ગુલ્લીબાજ ચાર શિક્ષકો મળી આવતાં ચારેય શિક્ષકોને સ્થળ ઉપર નોટીસ પાઠવવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ તાલુકામાં જિલ્લા શિક્ષણ પ્રાથમિક અધિકારી દ્વારા ઘડી, અબાવાડા, ઉમીયાનગર, આમોદરા જેવી પ્રાથમિક શાળાઓમાં ઓચિંતી સ્થળ મુલાકાત લેતાં ઘડી શાળામાં ચાર શિક્ષકો નિયત સમય કરતા શાળામાં મોડા પહોંચતા જિલ્લા શિક્ષણ પ્રાથમિક અધિકારી દ્વારા સ્થળ ઉપર નોટીસ પાઠવવામાં આવી હતી. જેને લઈ કેટલાય ગુલ્લીબાજ શિક્ષકોમાં ખળભળાટ વ્યાપી ગયો છે. પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલી પ્રાથમિક ખાનગી શાળાઓમાં પણ તપાસ થાય તો કેટલીય શાળાઓ તથા વગર પરવાનગીએ ચાલતી શાળાઓ પ્રકાશમાં આવે તો નવાઈ નહિ.



## મોડાસામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા પ્રાથમિક શાળા નં. ૧ તથા શાળા નં. ૨ના પ્રાંગણમાં 'એનવાયરમેન્ટ' અંતર્ગત વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ ઔષધિના છોડ વાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે બીઆરસી દિનેશભાઈ પટેલ, સીઆરસી મૌલિકભાઈ પટેલ, પ્રા. શાળાના આચાર્ય દિનેશભાઈ તથા લાય. પ્રમુખ મનુભાઈ પટેલ, સેક. ભાવેશ જયસ્વાલ, લાયોનેસ પ્રમુખ અન્નપૂર્ણાબેન, પીંકીબેન ભાવસાર તથા લા. કીરીટભાઈ સુથાર, ગીરીશભાઈ પટેલ, પરેશભાઈ પટેલ, કલ્પેશભાઈ કંસારા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં દલિત અત્યાચાર મામલે મહાસંમેલન યોજાયું

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સામઢીયાળ ગામના દલિત યુવાનો પર થયેલા અત્યાચારના વિરોધમાં આજે જિલ્લા મથક પાલનપુર ખાતે દલિત સમાજે મહાસંમેલન યોજી, જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. દલિત અત્યાચારનો મામલો દિલ્હીના દરબારમાં ગુંજ્યા બાદ કેન્દ્ર અને રાજ્ય સરકાર પણ દલિતો પર થયેલા અમાનવીય અત્યાચારના મામલે ગંભીરતા લઈ કડક કાર્યવાહી બાદ પણ દલિત સમાજનો રોષ યથાવત છે. પાલનપુર ધાન્ધાર રોહિત સમાજ



ટ્રસ્ટ દ્વારા આજે જિલ્લા મથક પાલનપુરની મુખ્ય સરકારી ગેટ પાસે દલિત અત્યાચારના મામલે દલિત મહાસંમેલન યોજ્યું હતું. આ મહાસંમેલન જિલ્લાભરમાંથી દલિત સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહી મરેલા ઢોરોને હાથ નહિ લગાવે તેવી પ્રતિજ્ઞા લીધી હતી તેમજ દલિત યુવાનો પર અત્યાચાર ગુજારનાર આરોપીઓ સામે સખત સજાની માંગ સાથે દલિત સમાજ રક્ષણ માટે કડક કાયદો બને તેવી સમાજ આગેવાનોએ માંગ કરી હતી.

# મોડાસાનગરમાં ઉપયોગમાં લેવાતા ચા માટેના પ્લાસ્ટિક કપ પર પ્રતિબંધ

## પ્રતિબંધનો ભંગ કરનાર વેપારી દંડાશે : મોડાસા નગરપાલિકા

મોડાસા, તા. ૧૧

મોડાસાનગરમાં ઉપયોગમાં લેવાતા ચા માટેના પ્લાસ્ટીક કપ ઉપર પ્રતિબંધ મુકવાનો નિર્ણય પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવતા નિર્ણય આવકારાયો હતો.

મોડાસા નગરને સ્વચ્છ બનાવવા અને આરોગ્યની દૃષ્ટિએ નગરજનોનું હિત સાચવવા પાલિકાના આરોગ્ય વિભાગે નગરમાં ઉપયોગમાં લેવાતા ચા માટેના પ્લાસ્ટીક કપ બંધ કરાવવાનું અભિયાન હાથ ધર્યું હતું. નગરપાલિકાની સેનેટરી અને આરોગ્ય સમિતિના ચેરમેન કેતનભાઈ ત્રિવેદી હાથ ધરેલ ઝુંબેશના ભાગરૂપે ચા ની રેકડી, લારી કે કીટલી ધરાવતા વેપારીઓની બેઠક યોજાઈ હતી. નગરના મહાલક્ષ્મી ટાઉન હોલમાં આરોગ્ય ચેરમેનના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં ઉપસ્થિત ૪૫ વેપારીઓ સાથેની ચર્ચા-વિચારણાના અંતે ચા ભરવા કરાતા પ્લાસ્ટીક કપનો ઉપયોગ બંધ કરવા સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.



આમ નગરમાં પ્લાસ્ટીક કપના ઉપયોગથી ફેલાતી ગંદકી દૂર કરવા અને પર્યાવરણની રક્ષા કરવા આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલ પહેલને નગરજનોએ આવકારી હતી. મોડાસા નગરપાલિકા સેનેટરી અને આરોગ્ય સમિતિના ચેરમેન કેતનભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ બેઠકમાં પ્લાસ્ટીક કપના ઉપયોગ સામે પ્રતિબંધ મુકવા અને ૧૦મી ઓગષ્ટ પછી જે વેપારી પ્લાસ્ટીક કપમાં ચા વેચતા માલુમ પડશે તો તેઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવા નિર્ણય કરાયો છે.

મોડાસા નગરપાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલના જણાવ્યા મુજબ ચા માટે વપરાતા પ્લાસ્ટીક કપથી ઠેર ઠેર ગંદકી ફેલાય છે. આવા પ્લાસ્ટીક કપ ગટરમાં ઠલવાતા ગટરો ચોકઅપ થઈ જાય છે અને પાણીનો યોગ્ય નિકાલ થતો નથી. આથી સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણી અર્થે લેવાયેલ નિર્ણયને સર્વત્ર આવકાર સાંપડ્યો છે અને પ્રતિબંધનો ભંગ કરનાર વેપારી સામે વસુલવામાં આવનાર દંડની જોગવાઈઓ ચર્ચા હાથ ધરી નિર્ધારીત કરાશે.

# ગણપત યુનિ. કેમ્પસમાં કોલેજના ધાબા પર વિદ્યાર્થિની સેલ્ફી લેતા નીચે પટકાતા કરૂણ મોત

મહેસાણા, તા. ૧૧

મહેસાણા નજીક ખેરવા ગામે આવેલ ગણપત યુનિ. કેમ્પસમાં બી.બી.એ. કોલેજના ધાબા પર સેલ્ફી લઈ રહેલ એક વિદ્યાર્થીની અચાનક નીચે પટકાતા તેણીનું કરૂણ મોત નિપજ્યું હતું.

વિગત એવી છે કે મહેસાણા જિલ્લાના વિસનગરની હિરલ રાકેશભાઈ પટેલ નામની વિદ્યાર્થી મહેસાણા નજીકના ખેરવા ખાતે ગણપત યુનિવર્સિટી સંકુલમાં આવેલ કોલેજમાં એમ.કોમ. પાર્ટ-૨માં અભ્યાસ કરતી હતી. કોલેજમાં રીશેષ વખતે આ વિદ્યાર્થીની કોલેજના ધાબા પર ગઈ હતી. જ્યાં વેન્ટીલેશનથી સેલ્ફી લઈ રહી હતી ત્યારે અચાનક ડ્રમ તુટતા આ વિદ્યાર્થીની લગભગ ૬૫ થી ૭૦ ફૂટ નીચે પટકાઈ હતી. જેથી તેણીને શરીરે ગંભીર ઈજાઓ થતાં તુરત ૧૦૮માં સારવાર અર્થે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં તેણીની સ્થિતિ વધુ ગંભીર જમાતા અમદાવાદ ખસેડાઈ હતી. જ્યાં માર્ગમાં જ તેનું કરૂણ મોત નિપજ્યું હતું.

# મહેસાણા જિલ્લામાં ૧૪ ઓગષ્ટે ત્રિરંગા યાત્રા યોજાશે

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લામાં ૭૦મા સ્વાતંત્ર્ય દિવસની પૂર્વસંધ્યાએ ૧૪ ઓગષ્ટ રવિવારના રોજ રાજમહેલ કમ્પાઉન્ડથી ત્રિરંગા યાત્રા યોજાનાર છે. આ ત્રિરંગા યાત્રા રાજમહેલ કમ્પાઉન્ડથી ગોપીનાળા, મગપરા થઈ રાધનપુર ચોકડીથી ડેરી હાઉસ સમાપન થનાર છે.

ત્રિરંગા યાત્રા યાદ કરો કુરબાની થકી રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની તેમજ સમર્પણની ભાવના પેદા થાય તે માટે જિલ્લાકક્ષાએ આયોજન કરેલ છે. આ ત્રિરંગા યાત્રાન આરંભ પોલીસ એસ્કોર્ટીંગ સાથે સાંજે ૫.૩૦ કલાકે શરૂ થઈ સાંજે ૬.૩૦ કલાકે પુર્ણ થશે. ત્રિરંગા યાત્રામાં સૌથી આગળ પોલીસની ખુલ્લી જીપ રહેશે. જેમાં રાષ્ટ્રધ્વજને સન્માન સાથે રખાશે. જીપની પાછળ પોલીસ બેન્ડ રહેશે અને પોલીસ બેન્ડ પાછળ બાઈક ચાલકો જોડાનાર છે.

બાઈકો ઉપર પોલીસ જવાનો યુનિફોર્મમાં હશે તેમની પાછળ પોલીસ સ્ટુડન્ટ કેડેટ કોલેજના વિદ્યાર્થીઓ, એન.સી.સી. તેમજ સ્વામી વિવેકાનંદ યુવક અને મહિલા મંડળના સભ્યો જોડાશે. રાષ્ટ્રધ્વજની સાથે (જીપમાં) ક્રાંતિકારીઓ, ગાંધીજી, સરદાર પટેલ, ભગતસિંગ અને ચંદ્રશેખર આઝાદની તસવીરોથી પોલીસજીપ સુશોભીત કરાશે.

જિલ્લામાં દેશભક્તિના વાતાવરણનું નિર્માણ થાય તે માટે આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરાયું છે. રૂટ ઉપર લાઉડ સ્પીકર સાથે દેશભક્તિના ગીતોનું સતત ગાન કરાશે. ત્રિરંગા યાત્રાના સમાપન સ્થળે રાષ્ટ્રધ્વજને સન્માનપૂર્વક ઈન્ડીયન ફ્લેગ કોડ પ્રમાણે સલામી આપવામાં આવનાર છે.